# Envoys of Thailand, Romania, Kazakhstan and Turkey present credentials to the President of India

July 07, 2021

# થાઈલેન્ડ, રોમાનિયા, કઝાખસ્તાન અને તુર્કીના રાજદૂતોએ ભારતના રાષ્ટ્રપતિને પોતાના પ્રત્યક્ષપત્ર સોંપ્યા

જુલાઈ 07, 2021

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આજે (જુલાઈ 7, 2021) એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં કિંગ્ડમ ઓફ્ થાઈલેન્ડ, રોમાનિયા, રિપબ્લિક ઓફ્ કઝાખસ્તાન અને રિપબ્લિક ઓફ્ તુર્કીના રાજદૂતોના પ્રત્યક્ષપત્રો (ક્રેડેન્શિયલ્સ) સ્વીકાર્યા હતા. જેમના પ્રત્યક્ષપત્રો રજુ કરાયા હતા તેમાં સામેલ હતા:

1. કિંગ્ડમ ઓફ્ થાઈલેન્ડના રાજદૂત મહામહિમ પટ્ટારેટ હોંગટોંગ

2. રોમાનિયાના રાજદૂત મહામહિમ ડેનિયેલા મેરિયેના સેઝોનોવ ટાને

3. રિપબ્લિક ઓફ્ કઝાખસ્તાનના રાજદૂત મહામહિમ નુરલાન ઝેલ્ગાસબાયેવ

4. રિપબ્લિક ઓફ્ તુર્કીના રાજદૂત મહામહિમ ફિરાટ સુનેલ.

આ પ્રસંગે વક્તવ્ય આપતા રાષ્ટ્રપતિએ થાઈલેન્ડ, રોમાનિયા, કઝાખસ્તાન અને તુર્કીના રાજદૂતોને તેમની નિમણૂક બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે કહ્યું કે ભારત આ તમામ દેશો સાથે હુંફાળા અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે અને આપણું જોડાણ શાંતિ અને સમૃદ્ધિના એકસરખા વિઝન પર આધારિત છે.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે કોવિડ-19 મહામારીનો નિર્ણાયક અને સંકલિત રીતે સામનો કરવા માટેના વૈશ્વિક પ્રયાસોમાં ભારત અગ્રેસર છે જેથી આપણા સૌનું આરોગ્ય અને આર્થિક કલ્યાણ સુનિશ્ચિત થાય. 'વિશ્વની ફાર્મસી' તરીકે ભારતે વિવિધ દેશોને કોવિડ-19 સામેના વૈશ્વિક યુદ્ધમાં આવશ્યક દવાઓ અને ઉપકરણો પૂરા પાડીને મદદ કરી છે.

થાઈલેન્ડ, રોમાનિયા, કઝાખસ્તાન અને તુર્કીના રાજદૂતોએ તેમના નેતૃત્વ તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી અને ભારત સાથે તેમના જોડાણને વધારે મજબૂત બનાવવા માટે કામ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

નવી દિલ્હી
જુલાઈ 07, 2021

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.